

# સ્પાર્કલિંગ વિન્ટર આઉટફિટ્સ : સ્ટાઈલ, ગરમાટો અને ગ્લેમરનો પર્ફેક્ટ કોમ્બો

શિયાળાની મોસમ માત્ર ગરમ કપડાંની જ નથી પરંતુ ફેશન એક્સપરિમેન્ટની પણ હોય છે. સ્વેટર, લોન્ગ કોટ, હાઈ બૂટ્સ, આ બધાં તો વિન્ટરનો ભાગ છે જ પરંતુ ઘણી વાર ભારે કપડાંને કારણે આપણાં આઉટફિટ્સ થોડાં ડલ લાગે છે. આ જ કારણ છે કે આ સિઝનમાં સ્પાર્કલિંગ એલિમેન્ટ એટલે કે થોડી ચમક ઉમેરવી સૌથી મોટો વિન્ટર ટ્રેન્ડ બની રહ્યો છે. ઓફિસ લુક હોય, કોલેજ ડે હોય કે કોઈ ખાસ પાર્ટી, થોડું ગ્લેમર તમારી પર્સનાલિટીને આખેઆખી બદલી શકે છે. જરૂર માત્ર એ વાતની છે કે ચમક યોગ્ય જગ્યાએ અને યોગ્ય માત્રામાં હોય જેથી લુક એલિગન્ટ લાગે પરંતુ ઓવર ન હોય. આ વિન્ટરમાં તમે તમારા આઉટફિટ્સમાં થોડું સ્પાર્કલ ઉમેરી એને મોડર્ન, સ્ટાઈલિશ કઈ રીતે બનાવશો?

તમે લાઈટ શિમરી જેકેટ પહેરો, સિક્વન સ્વેટર પસંદ કરો, ગ્લિટર બૂટ્સ કેરી કરો કે માત્ર સ્પાર્કલ એકસેસરીઝ - દરેક વસ્તુ વિન્ટર ફેશનને એક નવો મોડ આપે છે.

## સોફ્ટ શિમરી જેકેટ્સ

શિયાળામાં આપણે મોટા ભાગે ડાર્ક સિમ્પલ જેકેટ પહેરીએ છીએ પરંતુ જો તમે થોડી ચમક ઉમેરવા ઈચ્છતાં હો તો શિમરી કે લાઈટ મેટલિક જેકેટ યોગ્ય વિકલ્પ છે. એ વધારે ગ્લિટરવાળા નથી હોતાં પરંતુ એમાં એક લાઈટ રિફ્લેકિટવ ગ્લો હોય છે જે લાઈટમાં બહુ ખૂબસૂરત લાગે છે. ખાસ કરીને સિલ્વર, રોઝ ગોલ્ડ કે સ્મોકી ગોલ્ડ ટોનવાળા જેકેટ વિન્ટર આઉટફિટ્સમાં ખૂબસૂરતી ઉમેરે છે. એ જીન્સ, બ્લેક ટર્ટલનેક કે મોનોક્રોમ આઉટફિટ્સ સાથે પહેરવાથી લુક મોડર્ન અને ફુલ ઓફ એટિટયુડ લાગે છે. દિવસ અથવા રાત બંને સમયે આ ટ્રેન્ડ સહેલાઈથી કેરી કરી શકાય છે.

## સિકવન ટોપ્સ અને સ્વેટર્સ

જો તમને આખા જેકેટમાં ગ્લો પસંદ ન હોય તો તમે આઉટફિટમાં નાના સ્પાર્કલ એલિમેન્ટ ઉમેરી શકો છો. દા.ત. સિકવનાળા ટોપ કે સ્વેટર. એ એટલું ગ્લેમ આપે છે કે તમારે એકસ્ટ્રા એકસેસરીઝની જરૂર પડતી નથી. તમે ઈચ્છો તો દિવસના સિકવનવાળા સોફ્ટ-પેસ્ટલ સ્વેટર પહેરી શકો કે રાતના પાર્ટીમાં ડાર્ક કલર સિકવન ટોપ પહેરો બંને ગોર્જિયસ લાગે છે. એ તમને ઠંડીથી બચાવે છે અને ફેશનેબલ પણ લાગે છે. કોલેજ સ્ટુડન્ટ હો તો લાઈટ સિકવનવાળી પુલ ઓવર સ્ટાઈલ સૌથી બેસ્ટ લાગશે. કેઝયુઅલ પણ અને સ્ટાઈલિશ પણ.





## ગ્લિટર બૂટ્સ અને સ્નીકર્સ

પગમાં પણ ગ્લેમર જોઈતું હોય તો વિન્ટર એ માટે શ્રેષ્ઠ તક આપે છે. ગ્લિટર બૂટ્સ કે લાઈટ મેટલિક સ્નીકર્સ તમારા સૌથી સિમ્પલ આઉટફિટને પણ હાઈ ફેશન બનાવી દે છે.

ની લેન્થ બૂટ્સ, એન્કલ બૂટ્સ કે લાઈટ શીમરી સ્નીકર્સ આમાંથી કોઈ પણ પસંદ કરો એ દરેક લુક સાથે મેચ થાય છે. તમને બહુ બોલ્ડ પસંદ ન હોય તો માત્ર શૂ સાઈડ કે બેકમાં લાઈટ સ્પાર્કલિંગ ડિટેલ પણ પૂરતી છે. એ ખાસ કરીને વિન્ટર વેકેશન્સ, સ્ટ્રીટ સ્ટાઈલ ફોટોશૂટ કે કોફી ડેટ્સ માટે પર્ફેકટ છે. અલબત્ત, ગ્લિટર ફૂટવેર પહેરતાં હો તો આઉટફિટ્સ સિમ્પલ રાખો જેથી ધ્યાન તમારા ફૂટવેર પર કેન્દ્રિત થાય.

## સ્પાર્કલિંગ એકસેસરીઝ

ઘણી વાર આપણે આઉટફિટ્સ તો પસંદ કરી લઈએ છીએ પરંતુ કંઈક ખૂટતું હોવાનું લાગે છે. ત્યારે સ્પાર્કલિંગ એકસેસરીઝ ક્ષણ વારમાં તમારો લુક નિખારી શકે છે. મેટલિક સ્કાર્ફ, ગ્લિટર હેર કિલપ્સ, સ્ટોનવર્ક કેપ કે બીની, ગ્લિટરિંગ ઈઅરીંગ્સ, શિમરી બેલ્ટ, સ્પાર્કલ બેગ કે કલચથી તમે ખૂબસૂરત લુક મેળવી શકો.



આમાંથી કોઈ પણ વસ્તુથી તમે તમારા વિન્ટર લુકને રોયલ અને ગ્લેમરસ બનાવી શકો છો. જો આઉફિટમાં ચમક હોય તો મેકઅપ સોફ્ટ રાખો જેથી આખો લૂક બેલેન્સ્ડ અને કલાસી લાગે. ફ્રોસ્ટી આઉટફિટ્સમાં કોપર, સિલ્વર, બ્લૂ કે રોઝ ટોન ખૂબસૂરત લાગે છે.

## પાર્ટીવેરમાં ફ્રોસ્ટી ગ્લો

ઠંડીની ઋતુની મોસમમાં સ્પાર્કલની મજા વધારે આવે છે. તમે સ્ટાઈલિશ અને એલિગન્ટ દેખાવા ઈચ્છતાં હો તો પાર્ટી આઉટફિટ્સમાં ફ્રોસ્ટી ગ્લો ઉમેરો એની ઘણી રીતો છે.

- લાઈટ શિમરી ગાઉન.
- મેટલિક ડિટેલવાળી શોલ.
- સિલ્વર કે ગોલ્ડ શ્રગ.
- પાર્ટલી શિમર સ્કર્ટ.
- સ્પાર્કલિંગ જવેલરી.

